<u>નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી, પુણા પોલીસ</u>

સુરત શહેરના પુણા પો.સ્ટે. વિસ્તારમાં “અ” પડત ગુન્હા તથા નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓની તપાસ અંગે પો.સ્ટે.ના માણસો પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન અમો આર.એચ.મારૂ. પ્રો.પો.સ.ઈ. તથા સાથેના અ.પો.કો. સુરેશ મનસુખભાઈનાઓને બાતમી હકીકત મળેલ કે, પુણા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૩૩૨/૨૦૧૮ ઇ.પી.કો. કલમ- ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી), ૫૦૬(૨), ૧૧૪ મુજબના કામે છેલ્લા સાતેક માસથી નાસતો ફરતો આરોપી ભરતપુરી નંદપુરી ગૌસ્વામી બોમ્બે માર્કેટ સર્કલ પાસેથી પસાર થવાનો હોય તે બાતમી હકીકત આધારે સાથેના પોલીસ માણસો સાથે બોમ્બે માર્કેટ સર્કલ પર અલગ અલગ છુટા છવાયા, પોલીસની ઓળખ છતી ન થાય તે રીતે વોચમાં રહી, આ કામનો આરોપી ભરતપુરી નંદપુરી ગૌસ્વામી ઉ.વ.૪૩ ધંધો-વેપાર, રહે. ઘર નં.૧૦૬, હરેકૃષ્ણ એપાર્ટમેન્ટ કેપીટલ સ્કવેરની સામે ગોડાદરા આસપાસ લીમ્બાયત, સુરત શહેર. મુળરહે- વોર્ડ નં.૩૯, વલ્લભ ગાર્ડન રોડ, પટેલનગર બિકાનેર તહેસીલ, જીલ્લો-બિકાનેર, (રાજસ્થાન) નાને પકડી પાડી પુછપરછ દરમ્યાન અન્ય સહ આરોપીઓની મદદગારીથી આઇમાતા રોડ ડી.આર.વર્લ્ડ પાછળ આવેલ રઘુવીર ટેક્ષટાઇલ માર્કેટમાં આવેલ દુકાન નંબર-૨૧૬ બાદ દુકાન નં.૨૧૯ માં હિર્જન ટેક્ષ તથા વિર્જન ટેક્ષ તથા ઓમ ફેબ્રીક્સના નામથી સાડીઓ વેચાણ તથા સાડીઓ ઉપર જોબવર્ક કરવાનો વેપાર ધંધો શરૂ કરેલ ત્યારબાદ પુણા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૩૩૨/૨૦૧૮ ઇ.પી.કો. કલમ- ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી), ૫૦૬(૨), ૧૧૪ મુજબના કામના ફરીયાદી કીશોરભાઇ છગનભાઇ પટોળીયા ઉ.વ.૪૮ ધંધો-વેપાર રહે-૧૯, સનસીટી રો-હાઉસ પેડર રોડ મોટા વરાછા, સુરત શહેર મુળરહે-ગામ-માણેકવાડા તા-ગોંડલ જી-રાજકોટ નાઓના જોબવર્કના રૂપિયા-૩,૧૮,૩૬,૫૦૨/- રૂપિયા નહી ચુકવી કાવતરૂ રચી, ઉઠામણુ કરી, વેપારીક વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી ગુનો કરેલ હોય, જે ઉપરોક્ત ગુન્હો વણશોધાયેલ હોય, જે શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

<u>ડિટેક્ટ કરેલ ગુન્હોઃ-</u> પુણા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૩૩૨/૨૦૧૮ ઇ.પી.કો. કલમ- ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી), ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુન્હો ડિટેક્ટ કરવામાં આવેલ છે.